બાર વરસની સતી

—અને—

સાઠ વરસનો પતી.

Reg. No. 273



કિંમત ૦-૧-૬

વેપારી ભાઇઓને ખાસ ઉપયોગી.

વાંચો અને વિચારો !

સો સર અને એક કસર !

નાહક વધારે ઇનકમટેક્ષ ભરી હેરાન ન થાઓ. વ્યાજની આવપત વેરો ભરવામાં તેમજ ઇનકમ ટેક્ષને લગતા દરેક કામકાજમાં અમારી સલાહ અને મદદનો લાભ લ્યો.

કાચું નામું, નોંધ, ડાયરી, આંકડાઓ, બીલો અને રસીદો ઉપરથી શરાફી તેમજ પાકા નામાના ચોપડાઓ તૈયાર કરી આપનાર તેમજ દરેક વેપારીઓના ચોપડાઓ દુકાને ઘેર અગર ઓફીસે આવી તપાસી આપનાર મારકેટના લત્તામાં તદ્દન નજદીક અમો એકજ છીએ.

એકવાર કામ સોંપી તમારા અમૂલ્ય વખત અને પૈસાનો બચાવ કરો.

ઓફીસ:—
સર મંગળદાસ મારકેટ.
મુંબાઇ નં. ૨

શુકલ એન્ડ કો૦
પબ્લીક એકાઉન્ટન્ટસ
ઇનકમટેક્ષ એક્સપર્ટસ.



બાર વરસની સતી

—અને—

સાઠ વરસનો પતી.

સંગ્રહ કરી છપાવનાર,

નાનચંદ છગનલાલ શાહ,

ખપાસી ચકલા, હરખચંદ કપુરચંદના
માળામાં—મુંબઈ નં. ૩

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪

પ્રત ૫૦૦૦ આવૃતી ૨ જી.

સુરત, બરાનપુરી ભાગોળ ભાજીવાળી
પોળમાં આવેલા શ્રી "અંબીકા વીજય"
પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ
હરકીશનદાસે છાપ્યું.

કીંમત ૦—૧—૬

બાર વરસની સતી અને સાઠ વરસનો પતી.

ગાયન ૧ લું.

રાગ—ક્યાં ગયોરે પેલો મોરલીવાળો
અમારા ઘુંઘટ ખોલીરે

બાપ તને પૈસાની આ શી લગની અંતર લાગીરે—ટેક
હાથ પાય બે તારા રોયા ગયા હતા શું ભાગીરે-બાપ
ગલત કોઢ નિકળ્યો શું અંગે હતો શું મુંગો અંધોરે
સુતા વેચવા જેવો હલકો કર્યો કેમ તેં ધંધોરે-બાપ
માડી તું પણ ગઈ ન બોલી લાલચમાં લોભાણીરે
હવે શીદ તું આંખોમાંથી ટપકાવે છે પાણીરે-બાપ
જો કરવું તું આમ તો કાં નહી ઝેર દઈને મારીરે
હું જેવીને કેમ બનાવી વૃદ્ધ પુરૂષની નારીરે-બાપ
થરથરતી જાંગે જણી કહાડી શું આવા ધન કાજેરે
ભલે માવડી તું એમાંથી પડી ખાટલે ખાજેરે-બાપ
હાય હવે આ દિવસ દોહલા કેમ કરી હું કહાડુંરે
તમે બેહુએ ભુડું કર્યું મુજ દેહ જઇ ક્યાં પાડુંરે-બાપ
દુષ્ટ તમારા સરખું મેં તો અવર કૃત્ય નહિ દીઠુંરે
છાતીમાં કાતી રાખીને ઢિરસ્યું મુખથી મીઠુંરે-બાપ
કુપ ઉતારી વાઢયું વત્ત મુજ કેમ જશે જન્મારોરે
હું ધારૂં છું બાપલિયા તુજ નથી નરકમાં આરોરે-બાપ

ગાયન ૨ જુ—લાવણી.

રાગ—(ગોરી ચલી આસરે કીરબિ કંચુ ખના)

ઓ બાપ હવે તું બાપજ ગ્હરો શનો
હું તને માનતી હતી બધથી હાનો
તે મ્હારૂં સત્યાનાસ અરેરે વાળ્યું
તે ત્હારા મતલબ કાજ બ્હોતરૂં બાળ્યું
હું તું જેવાને ભુવન હાય જન્મી કાં
જન્મી તો જોવા દુઃખ આમ જીવી કાં
મેં તારા ઘરનું નહિ બહુ ખાધું પીધું
તેં ક્યાં કાળનું વેર બાપ આ લીધું
મુજ વર્ષ દેઢ તો ગયું માત ધાવણમાં
હું હતીજ ક્યારે ભારે તારા ઋણમાં
શું થયું તને નુકશાન કહેની હુંથી
બે અઢી વર્ષ મેં ગાળ્યા ભણ્યા ચુથી
મેં વર્ષ ચાર તો આ રીતેજ ફિરાક્યા
બાકીના ઘરનું કરી વૈતરૂં કહાડયા
હું ન્હાના ન્હાના કામ પ્રથમ કરતીતી
માથે બટકુડા ધરી પાણી ભરતીતી
ત્રણ ચાર વર્ષ તો છાણું મેળવી છાણા
થાપી કીધાં તેયાર ગાઉં શા ગણા
પ્રતિ વર્ષે ઘાઘરી એજ કુંચળી પણ બે

એ કુમળી માની માત્ર મને આપી તેં
તુજ ઘેર ટુકડા રોટા હું ખાતીતી
કઉઓ ઝૂલવા કરતાં પણ બહુ બ્હીતીતી
હું ત્હારા ઘરમાં જેમ મ્હોટી થાતી ગઈ
બેઠાડુ મ્હારી માત તેમ થાતી ગઈ
જયમ ગળી જાય છે ગુડા ગાડું દેખી
મુજ માની ચાલચાલ એવી મેં તો પેખી
મ્હારાથી ચાકર પેટભરો પણ સારો
એને પણ આવે ઘડી બેસવા વારો
હું ગમે તેમ તો બાળકડી કહેવાઉં
મુજ ગજું કેટલું ક્યાંક ચુકી પણ જાઉં
મુંજ વાંક જરા જો જાણી જાય જનેતા;
વાગે તો મ્હારા બાર, લાજું કહેતાં!
દે ઠોળી બાવરી કરતાં ગાળો નરતી
અથવા તો મારી માર મુંજાવે ધરતી
મુજ માત તણી ફરિયાદ બાપ તુજ પાસે
કયમ થાય કહે મુજ થકી? હૃદય પણ ત્રાસે
બળી એ કરતાં તું નથી વધારે ક્રુડો
મેં તારા જેવો કોઈ ન દીઠો કુડો
હજી દયા રાખતી હતી જરા જણનારી
પણ બાપલીયા તેં મને જીવતી મારી
તેં મને બતાવી અંબકને લલચાવ્યા

તેં લખ પોળીઆ પેટ[illegible] પસરાવ્યા
તેં બા બા કહી મુજ [illegible] કાળજું કાઢ્યું
તેં તારી મેળે નાક હાથ [illegible] કાપ્યું
તેં પઈસા માટે શીદ ઉડાવ્યા વધારે
તેં ગોતી કઢાડયો [illegible] કમાણી ઠગારો
તું ખોટો કર મ. [illegible] ઠાંસ [illegible] દે
તું અસિ કે [illegible] દે
આમે પણ હીંદુ કોમ દુખીઆ [illegible]
માને તેથી તું લાલચમાં [illegible]
છે ધન્ય છાતી તુજ [illegible] ધન્ય તુજ હીંમત
તુજને [illegible] હૃદય [illegible] કીંમત
મુજ માતના છે દેશ [illegible]
તેં તો મ્હારૂં [illegible] કાસળ
હર વર્ષ રૂપીઆ ત્રીશ હજો [illegible]
એમાં પણ ઉઠતા હતા વખત પર વાંધા
દશ વર્ષ લગી તેં [illegible] ઘર કે ધાંધા
તે બદલે દશ હજાર [illegible] તે જોઈ
મન નહોતું માનતું [illegible]
તેં એનું [illegible] રચીને પાડ્યું
જો કે હું ખરચું [illegible] બધું [illegible]
નહી અમાપ એવો ઠપકો સાંભળતીતી

તે છતાં ઉરે મુજ ગુન્હો કહે શું પેઠો
તું આમ દઇત્યનું રૂપ લઇ કાં બેઠો
ઓ તાત રૂપૈયા કદી નહી એ રહેશે
તું યદ રાખજે દંડ દેવડો દેશે
જે ચક્રવૃદ્ધીનુ વ્યાજ હશે ખાનારો
તું તે કરતાં પણ સો ગણો ગોઝારો
વય તારૂ વર્ષ અઢાર તણું કદી હોય
તુજને પરણાવે ડોશી સાઠની કોય
ઓ બાપ તને એ કેવું વસમું લાગે
હું જાણું એમ જરૂર મ્હોત તું માગે
કાં જવાબ દેતો નથી ભેંસના ભાઈ
કયમ મ્હોડું તારૂં ગયું સાવ શીવાઈ
તુંજ સમા દેશમાં જન્મ્યા જ્યારથી પાપી
દુર્દશા ત્યાંથી વણિક વિપ્ર ઘર—વ્યાપી
હું હવે સાસરે ફરી કદી નહી જાઉં
પ્રભુ સોગન તારી પાસ આજ હું ખાઉં
હું શુકલતીર્થમાં જઇશ ભભુતી ચોળી
હું કાંધે વળગાડીશ ભેખની ઝોળી
હું રામનામની લઇશ હાથમાં માળા
હું ગાઇશ ગોવીન્દગાન હમેશ રસાળા
લે દુષ્ટ પીતા આ લોક બચાવ્યો મારો

પરલોક તણો લઈ લઉં હવે સધીયારો
હું એક પક્ષને લઉ નહી એમ લગાડું
હું તુજ પેઠે ભૂ સ્વર્ગ નહીજ બગાડું
નથી પ્રણામ કરવા યોગ્ય તોય કરૂં છું
હું નથી દીકરી તારી દેવી હું છું
જા શાપ નથી હું તુજને મુખથી દેતિ
ત્યમ કઠણ શબ્દ પણ તુજને નથી કહેતિ
મુજ વાકય આટલું સુણી સુખેથી જાઓ
તુજ સમા પુત્રીના પીતા કદી ના થાઓ
મુજ માને મ્હારૂં પગે લાગણું કહેજો
સુત શ્યામ તણો આ સંદેશો જઈ દેજો

ગાયન ૩ જું.

(ચિંતા મુકી બાપુ ચડો—એ રાહ)
પુછે જોશીને ચોઘડીયું શાને નામનું રે
શાને નામનું રે (૨) પુછે.
જમાઈના ઘર કેરૂ નાણું
ભરી કોથળા ઘરમાં આણ્યું
ચોઘડીયું આ દીકરીનું કે દામનું રે પુછે.
ઘરમાં સઉ લાડકડી કહેશે

પણ જ્યાં નાથ નીરખવા બેસે
મુખ ભાળે ત્યાં સાઠ વરસના શ્યામનું રે પુછે.
શ્યામ વાળ બાળાને શીરે
ઘણીને ધોળા સર્વ શરીરે
વજન વધારે કસાઇથી આ કામનું રે પુછે.
સહીયર આવી વચન સુણાવે
કદી મર્મમાં અતી અકળાવે
સખી મળ્યું આ જોડું તે કયા ગામનું રે પુછે.

ગાયન ૪ થું.

રાગ—સવૈયા એકત્રીશા.

જે વઈશ્યોના ગૃહસ્થ જનથી શોભીતો છે આ સંસાર
જે વઈશ્યોના ઉદ્યમ બળથી ચાલે છે સઘળો વ્યવહાર
શાહ અગર તો પાદશાહના નામે જે વ્યકતી ઓળખાય
તે વ્યકતીના હાય વશજો હવે દ્રવ્ય પુત્રીનું ખાય
જે વઈશ્યોની ધીરધારથી ચાલે અન્ય તણા ઉદ્યોગ
જે વઈશ્યોના દયા દાનથી મળે વીપ્રને ઉત્તમ યોગ
જે વઈશ્યો નીજ ધર્મ કર્મથી સર્વ સ્થળે ઉજ્જવલ દેખાય
તે વઈશ્યોના વંશજ કરથી હાય હવે કન્યા વેચાય

મોજશોખ સાથે કમાણીનું સાધન.



ફોટોગ્રાફ ઉતારવાના

છુપા કેમેરા.

હમણાજ વીલાયતથી નવા ઉંચી જાતના છુપા કેમેરા આવી પહોંચ્યા છે. હરેક છોકરા તથા છોકરીઓ પણ ઘણીજ સહેલાઇથી ફોટા ઉતારી શકે છે અને હરેકને શીખવા જેવું છે. કેમેરા, રૂબીલેમ્પ, મેજરગ્લાસ, પ્રીન્ટીંગ ફ્રેમ, સ્ટીંઅરોડ, બે ડીશ, ડેવેલોપર, ૬ પ્લેટસ, પેપર ફીક્સીંગ, સોલ્ટ, આલબમ, માઉન્ટસ ૬ વિગેરે તેને લગતી હરેક ચીજો સાથે કમ્પલીટ કીંમત માત્ર રૂ૦ ૧૨) પોસ્ટેજ રૂા. ૧।।।

હલકા દેશી બનાવટના કેમેરા બે ચાર રૂપીઆના ફાયદા માટે ખરીદી ફસાતા નહીં.

લખો-સી. સી. મહાજન એન્ડ કું.

મુંબઈ નં૦ ૩.

વસવાયા પણ જે વઇશ્યોના આશ્રમથી ચલવે ગુજરાન
ચાર વર્ણમાં ચતુર તણું શુભ મળી ગયું છે જેને માન
જે વઇશ્યોની સ્નેહ દ્રષ્ટીથી અબળ સબળ સર્વ પોસાય
તે વઇશ્યોના હાય વંશજો અન્ન સુતાના ધનનું ખાય
હોય આશરાગત તેનું જે બંધાવી આપે ઘરબાર
શરણે આવેલાને દે જે ધીરજ હીંમત વારંવાર
ગમેતેમ આફ્ત આવે પણ ભીખ માંગવા જે નહી જાય
તેવા ટેકીલાના વંશજ હાસ દીકરી કેરા ખાય
દેશ અગર પરદેશ તણો નવ વણીક વગર ચાલે વ્યાપાર
વણીક વગર નહી થાય કોઇથી કાર્યભાર નૃપનો શ્રીકાર
વણીક વગરનું ગામ હોય જે તેહ ગામમાં નહીં ગણાય
આવા વઇશ્ય તણા સંતનો હાય પુત્રીના પૈસા ખાય
મુંગા જાનવરોની વ્હારે જે વઇસ્યો વેગે ધસનાર
પારેવા જેવા પક્ષીને જે વઇસ્યો છે પણ દેનાર
જે વઇસ્યોથી દુઃખ પરાયું, અલ્પ સમય પણ નહી જોવાય
તેના વંશજના કર હરહર કન્યાને પૈસે ખરડાય

—:—

ગઝલ—કવ્વાલી.

લઈ પુત્રી તણા પૈસા, જુઓ આ માંડવો બાંધ્યો!
કદી એ માંડવા નીચે, જઇ નહીં બેસશો બાપુ!

૧૧૪૬૭

સુતાના લોહીની કોથી, ત્યશ લાદાર મીઠાઇ !
તમે તે ચીજમાંથી કંઇ ! નહીં આરોગશો બાપુ !
જુઓ આ દીકરીની મા, નહીં મા ડાકિની છે એ !
પડે જયાં એહ પડછાયો તમે ત્યાં નહી જશો બાપુ !
જુઓ આ જન્મનો દાતા, ખરેખર કાગ કાં બગલો !
નરકના ગામીની પાસે, ઉભા રહેશો નહી બાપુ !
વિનય વચનો સુણી એના, તમે કોઇ ઠગાતા ના !
હ્રદયમાં લોભ પાળી છે, જશો તો મારશે બાપુ !
સુતાના વેચનારાનો. ભરોસો શો ! ફરજો શો !
કરી જો વાત એ જોડે, કલંકીત તો થશો બાપુ !

ગાયન ૭ મુ.

સવૈઆ.

કન્યાવીક્રય કહેર કરે છે ચેત ચેત ઓ હીંદુસ્તાન
માત પીતાનું કદી ગુફામાં ગયું હેત ઓ હીં૦
અમે આર્ય આચાર વીચારે નહી અમ સમ કો હીં૦
એમ કહે પણ પાપપંકમાં મારે ફુદકો હીં૦

આ તે તારી પ્રજા તણું છે કેવું વર્તન હીં૦
સ્વાર્થ છરી કર ગ્રહી સુતાનું કાપે ગર્દન હીં૦
ધર્મ ગયો કે સત્ય ગયું વા દયા ગઈ એ હીં૦
કયા કારણે પશુથી વૃત્તી નીચ થઇ એ હીં૦
પશુ પણ પોતાના બચ્ચાંની પરવા રાખે હીં૦
પણ ધનલોભી તનુજા કંહે ફ્રૂ.સો નાંખે હીં૦
દ્રવ્ય દઇને વસ્તુ લેની તે તો ક્રય છે હીં૦
દ્રવ્ય લઇને વસ્તુ દેવી તે વીક્રય છે હીં૦
કન્યાને વસ્તુ સમજી જે વેચે નર એ હીં૦
તે પામર નર નર નહી પણ છે અરેજ ખર એ હીં૦
જે દુઃખમાં વ્હારે ચઢનારા તે સુખ લુંટે હીં૦
તેવાનું સુખ દૈવ કહો પછી કેમ ન ઝુંટે હીં૦
અમૃતનો પ્યાલો પાનારો ઝેર પાય જો હીં૦
આ ભવમાં પેલા ભવમાં કયમ સુખી થાય તો હીં૦
કરી કજોડાં ભરતભુપનો બાગ બગાડે હીં૦
શાન્ત સ્થીતીના ઘરમાં પેશી આગ લગાડે હીં૦
પુલ હોય ત્યાં કાંટા દેરે દહોરતા શી હીં૦
અસહ્ય જુલમ આ જેઈ તું કયમ જાય ન ત્રાસ હીં૦
પૂરક ગણે નહી કાગ હ સમાં મતલબ માટે હીં૦
વર કન્યાના ફરે દલાલો વાટે ઘાટે હીં૦

ધનને અર્થે સારૂં નરસું જુએ ન અંધા હીં૦
નહી કરવાના કરવા માંડયા કેવા ધંધા હીં૦
નગર-બાગની કોયલડીને વનમાં ફેંકે હીં૦
ચાર દીવસનું ચટકું જાણી ચાલે લ્હેકે હીં૦
મીઠા જળની માછલડી જ્યાં મુકાય દરીએ હીં૦
ઇચ્છા-વરના તત્વ તણી ત્યાં વાત શું કરીએ હીં૦
સાચી મુક્તા-માલ ખરીદે ધન દઈ વનચર હીં૦
ખરા ઝવેરી રહે રખડતા એ શું હર હર હીં૦
વરને બદલે જરની જોડે લગ્ન કરે શું હીં૦
અલંકાર કે વગ કુળ માટે મોહી મરે શું હીં૦
ઘટતું છોડીને અણઘટતું કરવા માંડયું હીં૦
સ્વાર્થ જેટલું સ્વીકારીને સાચું છાંડયું હીં૦
જોવા જોઇએ વય વીદ્યા બળ નહી જુએ તે હીં૦
પાછળથી પુત્રી દુઃખ દેખી હાય રૂએ છે હીં૦
એ આંસુના ટીપાં તું ગણ લોહી બરાબર હીં૦
દુઃખના ઝાડો એથી ઉગ્યા તારી ધરાપર હીં૦
અણગમતી વસ્તુને ગમતી બલાત્કારે હીં૦
કરવા બેસે પણ નહી તેનો ભેદ વીચારે હીં૦
અબોલતું તો ઘટેજ કરવું વીશેષ સારૂં હીં૦
એ સુત્રને છોડી દઇને કરે નઠારૂં હીં૦

જે જન નીજ સંતાનો કેરૂં કરે ન મંગલ હીં૦
તે બીજાનું શું કરવાના ભલુ એક પળ હીં૦
અમે દુઃખી ને અમે દરીદ્રી એમ વદે મુખ હીં૦
પાપકર્મ પણ તજે ન મનથી થાય કેમ સુખ હીં૦
બંટી વાવી ઘઉંની આશા કેમ રાખીએ હીં૦
જેવી કૃતી ફળ તેવું જગમાં જરૂર ચાખીએ હીં૦
નથી અન્યાયી પક્ષપાતી નથી જગનો સ્વામી હીં૦
જલમા સ્થલમાં રમી રહયો છે અંતર્યામી હીં૦
સકલ સૃષ્ટીના દષ્ટાથી તું શુ સંતાડે હીં૦
બગાડવા બીજાનું જાતાં તારૂં બગાડે હીં૦
લોક વાયકાના કરતાં તું વધુ પ્રભુ ભય ધર હીં૦
ફરી નીહાળીશ તો તું દ્રગથી તુજ દીન સુખકર હીં૦
જે નર ખર પુત્રીના ધનથી મઝા ઉડાવે હીં૦
તે લુચ્ચો પછી કેમ ન પ નો માલ પચાવે હીં૦
મરદ મુંછાળો બળદ પુછાળો શું પદ દઈએ હીં૦
ચોળી ચુડી પહેરનાર શું એને કહીએ હીં૦
એના કરતાં રાંડીકુંડી ઘણીજ સારી હીં૦
પુણી રેંટીએ પેટ પોતીકું હા ભરનારી હીં૦
કન્યા વરને યોગ્ય થાય ત્યાં વરજી મઝાણે હીં૦

જઇ પ્હોંચે એ ભેદ જુલમનો કોઇક જાણે — હીં૦
જાણી જોઇ વીધવાઓને હાય વધારે — હીં૦
બાલકની હત્યાને લીધે નાજ સુખ હારે — હીં૦
કેર કહુ કન્યાવીક્રયનો કેની રીતે — હીં૦
કેર ઘણો ને શબ્દો થોડા ચડે ન ચી-તે — હીં૦

ગઝલ—કવ્વાલી.

ગજબ! આ દીકરીનું દ્રવ્ય, ખાનારા ગજબ તારો
નરાધમ! નીચ કો તુંથી! કસાઈ તું થકી સારો ૧
વજનમાં એક મણુ તેના, રૂપૈયા ચાર મણુ લેતાં
દયા દીલ લેશ ના રાખી, પટારામાં મુકી દેતાં ૨
અરે પૈસા તણે કાજે, ન છાજે જેહ માનવને
કર્યો તે નીચ એ ધધો, બગાડી પૂત્રીના ભવને ૩
જગતમાં પાપી આ તારી, નહી જોડી જડી શકશે
અવિચારી અધર્મે આ ધરામાં ધર્મ કયાં ટકશે. ૪
બુરાઇ બાપલા તારી બધે તેં જેહ બતલાવી
બધામાં આ બુરાઇથી, અવધ હું માનું છું આવી ૫
ન આ લોકે કે પરલોકે, તને શાંતી કદી મળશે
સુતાના શ્રાપથી તારૂં હૃદય અગ્નિ પરે બળશે. ૬

સમાપ્ત.